# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ACPC), ગુજરાત રાજ્ય

એલ. ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ડિપ્લોમા ઈજનેરી પછીના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૨-૨૩

ડિપ્લોમા ઈજનેરી પછીના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ બેઠકોમાં સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ તથા સ્વનિર્ભર સંસ્થાની તમામ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સ (સૂચિ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે) ઉપર રજીસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

**પ્રવેશની લાયકાત:**

ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા કુલ ગુણના ૪૫% (SC/ST/SEBC/EWS ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવી જોઈએ. ઉપરોક્ત પ્રવેશ માટે ડિપ્લોમા ઈજનેરીની વિદ્યાશાખાની અંતિમ પરીક્ષા નવેમ્બર / ડિસેમ્બર ૨૦૨૧માં અથવા વર્ષ ૨૦૨૨માં પાસ કરેલ હોય તેવા ઉમેદવારો લાયક રહેશે.

[A] **સરકારી તથા અનુદાનિત બેઠકોની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની મંજુર થયેલ બેઠકો માટે:** પ્રવેશ નિયમોમાં ઉલ્લેખીત ગુજરાત રાજ્ય સ્થિત સંસ્થા/યુનિવર્સિટીમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા પાસ કરેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે. વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

[B] **સરકારી તથા અનુદાનિત બેઠકોની માન્ય બેઠકોની ૫% બેઠકો:** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સિવાય) સ્થિત સંસ્થા/યુનિવર્સિટીમાંથી લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા પાસ કરેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે. વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

**AICTEના પ્રવર્તમાન નિયમો અન્વયે કોઈપણ વિદ્યાશાખામાં ડિપ્લોમા ઈજનેરી ધરાવતા ઉમેદવાર ડિગ્રી ઈજનેરીની કોઈપણ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી શકશે.**

**રજીસ્ટ્રેશનની પ્રક્રિયા:**

- ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ૦૯/૦૬/૨૦૨૨ (બપોરે ૧૨-૦૦ કલાક)થી શરૂ થઈ તા. ૩૦/૦૬/૨૦૨૨ (સાંજે ૫-૦૦ કલાક સુધી) સુધી ચાલશે.
- માંગેલ પ્રાથમિક માહિતી પૂરી પાડયા બાદ ઉમેદવાર તેનો યુનીક આઈડી પસંદ કરી શકશે અને તેનો પાસવર્ડ નક્કી કરી શકશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ફી (નોન રીફંડેબલ) રૂા. ૩૦૦/- ફક્ત ઓનલાઈન મોડ દ્વારા ચૂકવણી કરવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરવાની જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઈન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે રોજ મુલાકાત લેશો.

**એડમિશન કમિટિ દ્વારા પ્રવેશ પ્રક્રિયા માટે ઉપલબ્ધ સુવિધાઓ**

| ઉપલબ્ધ સુવિધાઓ | ઉપલબ્ધ પ્રવૃત્તિઓ |
|---|---|
| **વેબસાઈટ: www.jacpcldce.ac.in (માહિતી માટે)** | પ્રવેશ સંબંધિત તમામ સૂચનાઓ, લાયકાત અને મેરીટની જોગવાઈના નિયમો, જાહેરખબરો અને પ્રવેશ પ્રક્રિયાથી સંબંધિત તમામ માહિતીઓ |
| | સંસ્થાઓની યાદી અને ઉપલબ્ધ બેઠકોની માહિતી |
| | સાયબર સેન્ટરની યાદી |
| | પ્રવેશનો શિડ્યુલ, કોમન મેરીટની યાદી, કટ-ઓફ માર્કસ, પ્રવેશની ફાળવણીની માહિતી, પ્રવેશ ફાળવણીનું એનાલીસીસ |
| **વેબસાઈટ: www.gujacpc.nic.in (રજીસ્ટ્રેશન માટે)** | ઓનલાઈન રજીસ્ટ્રેશન, યુઝર આઈડી, રજીસ્ટ્રેશન ફીની ચુકવણી |
| | ચોઈસ ફિલીંગ |
| | પ્રવેશની ફાળવણી, પ્રવેશને કાયમ કરવું અને પ્રવેશને રદ કરવાની જોગવાઈએ (જો જરૂરિયાત હોય તો) |
| | પ્રવેશ કાયમ કરવા માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી |
| **માન્ય સાયબર સ્પેસ સેન્ટર (સમય: સવારે ૧૧ થી ૫) (જાહેર રજાઓ સિવાય)** | પ્રવેશ પ્રક્રિયા માટે નિ:શુલ્ક ઓનલાઈન પ્રવેશ સહાય પૂરી પાડવા |
| | પ્રવેશ પ્રક્રિયા સંબંધિત પ્રશ્નો માટે |
| **24x7 સમયની હેલ્પલાઈન નંબર** | ૦૭૯-૨૬૫૬૬૦૦૦ |
| | પ્રવેશ પ્રક્રિયા સંબંધિત પ્રશ્નો માટે |

**www.jacpcldce.ac.in અને www.gujacpc.nic.in સિવાય સમિતિની અન્ય કોઈ વેબસાઈટ નથી.**

**નોંધ:** ઉમેદવારોને ડિપ્લોમા પૂર્ણ કરવા માટે ખૂટતા વિષયોની પરીક્ષા (સેમેસ્ટર ૧ થી ૬) આપેલ હોય અને પરિણામ જાહેર થવાના બાકી હોય તેવા વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવી શકશે. પરંતુ ઉમેદવારોના પરિણામ તેઓની યુનિવર્સિટી દ્વારા મેરીટ પ્રસિદ્ધ કર્યાના પહેલા જાહેર કરવામાં તથા જરૂરી યોગ્યતા ધરાવતા હશે તેવા જ ઉમેદવારોનો મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે જેની લાગુ પડતા ઉમેદવારોએ નોંધ લેવી.

Visit www.gujacpc.nic.in

તમામ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો, તેમના વાલીઓ અને તમામ અન્ય સંલગ્ન વ્યક્તિઓએ પ્રવેશ પ્રક્રિયા અંગેની રોજબરોજની માહિતી સમયાંતરે ACPCની ઉપરોક્ત વેબસાઈટસની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.

Visit www.jacpcldce.ac.in

**તારીખ: ૦૭/૦૬/૨૦૨૨**

**- મેમ્બર સેક્રેટરી**

**Helpline No. 079-26566000 (24x7)**